:: અહેવાલ ::

સ્થળ : પરિક્ષેત્ર વન અધિકારીશ્રી કચેરી, પંગારબારી
તા.૦૨/૦૪/૨૦૨૫
સમય : ૧૦ : ૨૦ A.M

વિષય : ખ્રિસ્તી મિશનરી ધ્વારા જંગલ જમીન પર ગેરકાયદે કબજો જમાવી મોટા ક્રોસ ઉભા કરી દેવા બાબત.

સંદર્ભ : ૧. મે.ના.વ.સં.શ્રી વલસાડ ઉત્તરના પત્ર નં.બ/ગુના/ટે.૮/૭૯૮૫–૮૮/ ૨૦૨૪–૨૫ વલસાડ તા.૨૪/૦૩/૨૦૨૫
૨. અત્રેની કચેરીના પત્ર નં.ક/ગુના/૨૩/૨૦૨૪–૨૫ પંગારબારી તા.૨૭/૦૩/૨૦૨૫
૩. અત્રેની કચેરીના પત્ર નં.ક/ગુના/૦૧/૨૦૨૫–૨૬ પંગારબારી તા.૦૧/૦૪/૨૦૨૫

ઉપરોકત વિષય અને સંદર્ભ અનુસંધાને મે.નાયબ વન સરંક્ષકશ્રી વલસાડ ઉત્તરની મૌખિક સૂચના મુજબ પોલીસ સ્ટાફને સાથે રાખી રિ.ફો.કં.નં.–૧૧૧A માં ગેરકાયદેસર થયેલ ક્રોસના બાંધકામ બાબતે બે નોટીસ આપ્યા બાદ ગ્રામજનોની મૌખિક રજૂઆત અને ઉકેલ સંદર્ભે મે.મ.વ.સં.શ્રી ધરમપુરની અધ્યક્ષતામાં પોલીસ ઈન્સપેકટર, રે.ફો.ઓ.પંગારબારીએ મોટીકોરવળ આગેવાનો સાથે મુલાકાત કરી.

મોજે પંગારબારી રેંજના વાંસદા રાઉન્ડનાં મોટીકોરવળ બીટનાં રિ.ફો.કં.નં.–૧૧૧A માં જંગલ જમીન પર ગેરકાયદેસર કબજો જમાવી મોટા ક્રોસ ઉભા કરેલ છે. તો આ બાબતે આજ રોજ પોલીસ અને વન વિભાગ સાથે ક્રોસનું સંચાલન કરનાર આગેવાનો અને તેમાં જોડાયેલા જુદા–જુદા ગામના આગેવાનોને આ ક્રોસ દૂર કરવા બાબતે કાયદાકીય સમજ આપી. તેમજ ઉભા કરવામાં આવેલ ક્રોસ અનામત જંગલમાં ગેરકાયદેસર દબાણ કરી બનાવવામાં આવેલ છે. તો આ ક્રોસને તાત્કાલીક અસરથી ખસેડી લેવાનું જણાવવામાં આવેલ છે. તેમજ જે કોઈ ગેરકાયદેસર અન્ય ધાર્મિક દબાણ કરવામાં આવેલ છે તેને પણ દૂર કરવા જણાવવામાં આવેલ છે. આ બાબતની જાણકારી અને સમગ્ર પરિસ્થિતિ વિશે એ લોકોને માહિતગાર કરવામાં આવેલ છે. જેથી ઝડપથી ઉકેલ તરફ આગળ વધી શકાય.

બિડાણ: હાજર રહેલ લોકોની યાદી

માહિતી અધિકાર
અધિનિયમ-૨૦૦૫
અંતર્ગતની નકલ